## ગુજરાતમાં ૨૦૦૦ જેટલાં સ્ટાર્ટ-અપ્સ કાર્યરત

# સ્ટાર્ટ-અપ્સને વર્ષે ત્રણ કરોડ ડૉલર સુધીના ECBની છૂટ

રિઝર્વ બેંકે એક મહત્ત્વના પગલાં તરીકે સ્ટાર્ટ-અપ્સને નાણાકીય વર્ષ દરમિયાન ત્રણ કરોડ અર્થાત આશરે રૂ.૨૦૦ કરોડ સુધીનું ભંડોળ એક્સ્ટર્નલ કોમર્શિયલ બોરોઈંગ (ECB) રૂટ મારફત ઊભું કરવાની મંજૂરી આપવાનો નિર્ણય લીધો છે. આ માટેની વિસ્તૃત ગાઈડલાઈન ઓક્ટો.ના અંત સુધીમાં જાહેર કરાશે. આ ભંડોળ ડૉલરમાં કે અન્ય કોઈ કરન્સીમાં અને/અથવા રૂપિયામાં ઊભું કરી શકાશે. ગુજરાત ખાતે હાલમાં લગભગ ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા સ્ટાર્ટ-અપ્સ આજે કાર્યરત છે. જેમાંથી ૪૦૦ સ્ટાર્ટ-અપ્સ આઈટી સેક્ટરના છે. નાસ્કોમ માને છે કે ગુજરાત ખાતે ૪૦૦૦ જેટલા આઈટી સ્ટાર્ટ-અપ્સને અવકાશ છે! રિઝર્વ બેંકના આ પગલાંથી સ્ટાર્ટ-અપ્સની ભંડોળની સમસ્યા હળવી બનશે.